# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી ભુજ

**Date: 09-07-2026 Day: Thursday Evening: 6.25 to 6.30 pm**

**આકાશવાણી ભુજ સમાચાર પરેશ મારૂ વાંચે છે.**

---

## વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી

રાજ્ય સરકાર દ્વારા આજે વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પૉલિસી 2026-29ની સત્તાવાર જાહેરાત કરવામાં આવી. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આ નીતિના શુભારંભ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ડેટા સેન્ટર્સની ભવિષ્યની માગ અને રાજ્યમાં ડિજિટલ અર્થતંત્રને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે આ નીતિ જાહેર કરવામાં આવી છે.

આ નીતિથી ગુજરાતને દેશનું અગ્રણી હાયપર સ્કેલ અને કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. ડેટા સેન્ટર હબ બનાવવાનો લક્ષ્યાંક રખાયો છે. ઉપરાંત ડેટા સેન્ટર માટે 20 વર્ષ સુધી પ્રતિ એકમ એક રૂપિયાની વીજદર સહાય અપાશે. તેમજ જમીનની ખરીદી તથા ભાડા પર 100 ટકા સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ફીમાંથી મુક્તિ મળશે. સાથે જ વીજ ડ્યૂટીના 20 વર્ષ સુધી 100 ટકા રીએમ્બર્સમેન્ટ એટલે કે, ખર્ચ પરત મેળવવાની જોગવાઈ છે. આ નીતિમાં ડેટા સેન્ટર માટે 10 વર્ષ સુધી ચાર ટકા વ્યાજ સહાયની પણ જાહેરાત કરવામાં આવી છે..

------------------------------------------------------------------------------------

## પશ્ચિમ રેલવે

ચોમાસા દરમિયાન કચ્છના રેલ માર્ગો પર સુરક્ષિત અને અવરોધરહિત ટ્રેન સંચાલન જળવાઈ રહે તે માટે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે વિશેષ તૈયારીઓ કરી છે. અમદાવાદ ખાતે મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં ગાંધીધામ સહિતના વિસ્તારોમાં કરાયેલી તૈયારીની સમીક્ષા કરાઈ હતી.

ચોમાસા દરમિયાન કોઈપણ આપાતકાલીન સ્થિતિમાં ટ્રેન વ્યવહાર ઝડપથી પુનઃસ્થાપિત કરી શકાય તે માટે ગાંધીધામ ખાતે 20 વેગન બેલાસ્ટ અને 10 વેગન ક્વારી ડસ્ટનો અનામત જથ્થો ઉપલબ્ધ રખાયો છે. ઉપરાંત ધ્રાંગધ્રા, માળીયા અને આદરજ-મોટી સહિતના સ્થળોએ પણ જરૂરી સામગ્રીનો જથ્થો તૈયાર છે.

અમદાવાદ મંડળ દ્વારા અત્યાર સુધીમાં 132 કિલોમીટર સાઇડ ડ્રેનોની સફાઈ, 190 સ્થળોએ વૃક્ષોની કાપણી, 260 હાઈ-કેપેસિટી પંપની સ્થાપના, 675 કિલોમીટર વિસ્તારમાં ફ્લેન્જ ક્લિયરન્સ અને 37 સંપ તૈયાર કરાયા છે..

---------------------------------------------------------------------------------

## <u>રાઇટ ટુ એજ્યુકેશન</u>

જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ગરીબ અને સામાન્ય વર્ગના બાળકો માટે ખાનગી શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયાના ચાર રાઉન્ડ પૂર્ણ થયા છે. શરૂઆતમાં ખાનગી શાળાઓમાં મફત પ્રવેશ માટે વાલીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો, પરંતુ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થતાં આશ્ચર્યજનક ચિત્ર સામે આવ્યું છે.

મનપસંદ કે નામાંકિત શાળામાં પ્રવેશ ન મળવાના કારણે અનેક વાલીઓએ એડમિશન લેવાનું ટાળી દીધું છે, જેના પરિણામે ભારે હરીફાઈ હોવા છતાં જિલ્લામાં 298 બેઠકો ખાલી રહી છે.

આ વખતે કચ્છમાં કુલ 6572 વાલીઓએ ફોર્મ ભરાયા હતા. જેમાંથી 4526 અરજીઓ માન્ય રહી હતી.

---------------------------------------------------------------------------------

## <u>કચ્છ અને ઉત્તર ગુજરાના રેલવે સંચાલનને નવી દિશા</u>

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે અત્યાધુનિક ઈન્ટિગ્રેટેડ કંટ્રોલ સેન્ટર  શરૂ કરીને કચ્છ અને ઉત્તર ગુજરાતના રેલવે સંચાલનને નવી દિશા આપી છે. રેલ વિકાસ નિગમ લિમિટેડ દ્વારા નિર્મિત આ કેન્દ્ર હવે સમગ્ર વિસ્તારના રેલવે સંચાલનનું મુખ્ય નિયંત્રણ કેન્દ્ર તરીકે કાર્ય કરશે.

આ કંટ્રોલ સેન્ટર પાલનપુર-સામખિયાળી રેલવે ઇલેક્ટ્રિફિકેશન પ્રોજેક્ટ હેઠળ તૈયાર કરાયું છે. આશરે 248 રૂટ કિલોમીટર લાંબા આ પ્રોજેક્ટમાં બનાસકાંઠા, પાટણ અને કચ્છ જિલ્લાનો સમાવેશ થાય છે.

દીનદયાળ પોર્ટ કંડલા અને ગાંધીધામને દેશના અન્ય વિસ્તારો સાથે જોડતા માલવાહક કોરિડોરને વધુ ઝડપી અને કાર્યક્ષમ બનાવવામાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ સાબિત થશે. 24,500 ચોરસ ફૂટ વિસ્તારમાં વિકસાવાયેલા આ સેન્ટરમાં 18.6 મીટર લાંબી હાઇ-રિઝોલ્યુશન વીડિયો ડિસ્પ્લે વોલ દ્વારા 1,350 રૂટ કિલોમીટર લાંબા રેલવે નેટવર્કનું રિયલ-ટાઇમ મોનિટરિંગ કરવામાં આવશે.

કચ્છના રેલવે સ્ટેશનો પર લગાવાયેલા સીસીટીવી કેમેરાનું મોનિટરિંગ પણ આ સેન્ટરમાંથી થશે. ભીડ, ભારે વરસાદ અથવા અન્ય અસામાન્ય પરિસ્થિતિમાં તાત્કાલિક દેખરેખ રાખી જરૂરી નિર્ણય લેવામાં સરળતા રહેશે. અગાઉ અલગ-અલગ વિભાગો દ્વારા થતી કામગીરી હવે એક જ સ્થળેથી સંકલિત રીતે થશે.

-----------------------------------------------------------------------------------

## મહેબૂબ એ બુખારી વહાણ ડૂબ્યું

દેવભૂમિદ્વારકાના સલાયા બંદરથી ઓમાન તરફ જતું મહેબૂબ એ બુખારી નામનું વહાણ દરિયામાં ડૂબી જતાં બે ખલાસીના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે, ખરાબ હવામાન અને ઉગ્ર સમુદ્રી મોજાનાં કારણે મધદરિયે વહાણના બંને એન્જિન ફેઇલ થતાં આ બંને ખલાસી ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં નજીકમાં રહેલી અન્ય હોડીઓએ તાત્કાલિક પહોંચી દરમિયાન 12 જેટલા ખલાસીઓને સુરક્ષિત રીતે બચાવી લીધા છે.

-----------------------------------------------------------------------------------

## <u>રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું.</u>

**રાજ્યમાં વરસાદનું જોર ઘટતાં આજે બપોર સુધીમાં માત્ર ગોધરા અને ગરૂડેશ્વરમાં સામાન્ય વરસાદ નોંધાયો છે. મોસમનો કુલ સરેરાશ 24.63% વરસાદ થતાં સરદાર સરોવર ડેમમાં 65.83% જળસંગ્રહ થયો છે, જ્યારે 10 બંધો હાઈએલર્ટ પર છે. બીજી તરફ, બંગાળની ખાડીની સિસ્ટમ મધ્યપ્રદેશ તરફ ફંટાઈ ગઈ હોવાથી આગામી આગામી દિવસોમાં કચ્છ જિલ્લામાં વરસાદ થવાની આશા ઓછી જણાઇ રહી છે. કચ્છમાં હજુ 85% વરસાદની ઘટ છે અને 10માંથી 6 તાલુકા કોરાધાકોડ છે.**

**આપત્તિ વ્યવસ્થાપન અંતર્ગત વહીવટી તંત્ર દ્વારા અત્યાર સુધી 8,162 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું છે અને 3,711 લોકોને બચાવાયા છે. માછીમારોને 12 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે..**

**-----------------------------------------------------------------------------------------**